ગૂજરાત વિદ્યાપીઠ પરિવારનું મુખપત્ર

# વિદ્યાપીઠ-સેતુ

www.gujaratvidyapith.org

માત્ર શૈક્ષણિક હેતુ (અંગત વિતરણ) માટે

સપ્ટેમ્બર ૨૦૧૧

**નૂતન વર્ષાભિનંદન**

## કુલનાયકની કલમે...



વિદ્યાપીઠ-સેતુના આ અંકમાં નઈ તાલીમની ફિલસૂફી અને શૈક્ષણિક પદ્ધતિને કેન્દ્રમાં રાખી વિદ્યાપીઠમાં ચાલતા ઉદ્યોગ શિક્ષણ અંગે માહિતી આપવામાં આવી છે તે આપ વિશેષ જોશો. ઉદ્યોગ દ્વારા વિદ્યાર્થીનું કૌશલ્ય ખીલવતા-ખીલવતા જેટલા બને તેટલા તે ઉદ્યોગો સાથે જોડાયાં હોય એવી રીતે સાહિત્ય, ગણિત, વિજ્ઞાન, ચિત્રકામ, ઇતિહાસ, ભૂગોળ વગેરે અનેક જરૂરી વિષયોનું જ્ઞાન વિદ્યાર્થીને મળે તે ઉદ્યોગ દ્વારા શિક્ષણ છે. ઉચ્ચ શિક્ષણમાં આ પ્રકારના શિક્ષણનો અવકાશ ઓછો હોય છે, પરંતુ જેટલો સંભવ હોય તેટલો પ્રયાસ કરવાની જરૂર છે. ગાંધીજીએ વિચારેલું કે કૃષિ-ગોપાલન અને વસ્ત્ર આ બે ઉદ્યોગોનું પ્રાથમિક જ્ઞાન સૌને ફરજિયાત હોવું જોઈએ. આજે શહેરીકરણની જે અવસ્થા છે તેને જોતાં કૃષિ-ગોપાલન ઉદ્યોગ અંગે અને તે દ્વારા શિક્ષણ આપવાનું ઓછું સંભવ છે. આપણે સૌ જાણીએ છીએ તેમ ગ્રામ વિસ્તારોમાં અપાતા શિક્ષણમાં પણ તે સંભવ રહ્યું નથી. વસ્ત્રવિદ્યાનું શિક્ષણ ચોક્કસ આપી શકાવું જોઈએ અને વિદ્યાપીઠમાં નવા પરિપ્રેક્ષ્યમાં તે આપવાનો પ્રયત્ન અને તેને વધુ સુદૃઢ કરવાની પ્રક્રિયા ચાલે છે, તેનો આ અંકમાં તમને પરિચય થશે.

આજના સંદર્ભે વસ્ત્રવિદ્યાનો (ખાદી) નવો અર્થ કરવો પડે તેમ છે. આજે આખું વિશ્વ ઊર્જાસંકટમાં ફસાયું છે. પારંપરિક ઊર્જાના સ્રોત અને સંસાધન ઝડપથી ઘટી રહ્યાં છે. વધુમાં ઊર્જાના પારંપરિક સંસાધનો વપરાશ પછી કાર્બન ડાયૉક્સાઇડ વાતાવરણમાં ફેલાવે છે જે જુદાં જોખમો પેદા કરે છે. આજના આ પડકારને પહોંચી વળવા ઉદ્યોગના અભ્યાસક્રમમાં આને વણી લેવું જોઈએ. આ સંદર્ભે ખાદીનું કાપડ નવનિર્મિત થઈ શકે તેવી ઊર્જામાંથી બને છે. શરીરશ્રમ, સ્વાવલંબન અને ઊર્જાસંકટમાંથી ઉગારવા વસ્ત્રવિદ્યાનો ઉદ્યોગ સહાયરૂપ બને છે.

માનવ ઊર્જાનો ઉપયોગ કરી તેનું રૂપાંતર વીજળીમાં થઈ શકે તેમ છે. આવું કરવાથી વીજળી દ્વારા પ્રકાશ મળવા ઉપરાંત વીજળીથી ચાલતા કેટલાંક ઉપકરણોને ચલાવી શકાય છે. એકવીસમી સદીમાં ઉદ્યોગ અને તેના દ્વારા શિક્ષણ આપવા માટે ઊર્જા સંકટ નવી દિશા પણ ખોલી આપે છે. બિનપારંપરિક ઊર્જાઉદ્યોગ ગાંધીવિચાર આધારિત સમાજરચનાની દૃષ્ટિમાં પણ યોગ્ય રીતે બેસે છે, કેમ કે આ ઉદ્યોગ વિકેન્દ્રિત વ્યવસ્થાઓ ઊભી કરે છે. આજનું શિક્ષણ જગત આ અભિગમ અપનાવે તો સંપોષિત વિકાસના પંથે સહેલાઈથી જઈ શકાશે.

## શાંતિ સંશોધન કેન્દ્ર

- તા.૧૦-૯-૧૧ના રોજ શાંતિ સંશોધન કેન્દ્ર અને દેવવ્રત પાઠક મેમોરિયલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પ્રો. દેવવ્રત પાઠક સ્મૃતિ વ્યાખ્યાન યોજાઈ ગયું. પ્રસિદ્ધ પર્યાવરણવિદ્ ડૉ. કાર્તિકેય સારાભાઈએ 'પર્યાવરણ અને ગાંધીચિંતન' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

કાર્યક્રમની શરૂઆત નરેન્દ્રભાઈ મહર્ષિની પ્રાર્થનાથી થઈ. ડૉ. પુષ્પાબહેન મોતીયાનીએ કાર્યક્રમનો હેતુ, પાઠક સાહેબનો પરિચય અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ ડૉ. કાર્તિકેયભાઈનો પરિચય કરાવ્યો હતો.




ડૉ. કાર્તિકેય સારાભાઈ (નિર્દેશક સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન)એ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે, "ગાંધીની કોઈ પણ વાત તપાસો તેમાં પર્યાવરણનું સંરક્ષણ અને ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરવાની વાત છે. આજે આપણે વિકાસને ટકામાં માપતા થઈ ગયા છીએ એટલે 'ટકાઉ' વિકાસનો અર્થ પણ બદલાઈ ચૂક્યો છે. ગાંધીજીએ વર્ષો અગાઉ કહેલી 'નીડ' અને 'ગ્રીડ'ની વાત આજે પણ એટલી જ સાચી છે."

પ્રો. વિદ્યુતભાઈએ અધ્યક્ષીય પ્રવચનને રમૂજી અંદાજમાં શરૂ કરીને વિષયનું હાર્દ સ્પષ્ટ કર્યું હતું. "દેખાદેખીને કારણે થતો સામાજિક સંઘર્ષ અને સંપત્તિ પ્રદર્શન અંતે તો સમાજ અને પર્યાવરણ પર જ ભારે પડે છે. ગાંધીની કોઈ પણ વસ્તુના મહત્તમ ઉપયોગની વાત તેમણે ઉદાહરણ સાથે સમજાવી હતી અને સ્થાનિક જરૂરિયાતો સ્થાનિક વિસ્તાર, વાતાવરણમાંથી જ પૂરી કરી લેવી જોઈએ તે અંગે ચર્ચા કરી હતી.

સભામાં પ્રશ્નોત્તરી થઈ અને કાર્તિકેયભાઈ તથા વિદ્યુતભાઈએ પ્રશ્નોના જવાબ આપ્યા હતા. શ્રી ગૌતમભાઈ ઠાકરે શ્રી પાઠક સાહેબની સ્મૃતિને શબ્દાંજલિ આપી, પાઠક પરિવારના પત્રનું વાંચન કર્યું અને સૌનો આભાર માન્યો.

# ગૂજરાત વિદ્યાપીઠનો ઊર્જા પ્રકલ્પ

કુલનાયકશ્રીએ તેમના લેખમાં જણાવ્યું તેમ ગૂજરાત વિદ્યાપીઠમાં ઊર્જાપ્રકલ્પ હેઠળ અનેક સાધનો વિકસાવવામાં આવ્યા છે. આ સાધનોનું નિદર્શન અમારા પ્રાંગણમાં થાય છે. તેની માંગ પણ ઘણી છે. જે તે સંસ્થાની માંગ મુજબ ઉત્પાદન કરીને અમે તેમને પહોંચાડીએ પણ છીએ. પ્રસ્તુત છે તેની વિગતો...

## સોલર સ્ટ્રીટલાઇટ



- ઇલેક્ટ્રોનિક ફોટોવોલ્ટિક સેલ દ્વારા સૂર્યપ્રકાશ વડે વીજશક્તિ પેદા થાય છે અને આવી જ શક્તિનો બેટરીમાં સંગ્રહ કરવામાં આવે છે. દિવસ દરમિયાન સંગ્રહિત વીજશક્તિ રાતે વપરાશમાં લેવાય છે. એના ફાયદા જોઈએ તો, વીજદરના વધારાની અસર થતી નથી, સીએફએલ લેમ્પ અને બ્રાઇટ એલઈડીના ઉપયોગથી વધુ સમય માટે વીજ વપરાશ પ્રાપ્ત થાય છે, એક વાર સંપૂર્ણ ચાર્જ કરવાથી ૮ થી ૧૦ કલાક ચલાવી શકાય છે અને તેની અંદાજિત કિંમત રૂ. ૨૫,૦૦૦/- છે.

## પેડલ પાવર લાઈટ

માનવશક્તિનું વિદ્યુતશક્તિમાં રૂપાંતર કરી વીજળી ઉત્પન્ન કરાય છે, પેડલ પાવરમાં ડી.સી. જનરેટર લગાવવામાં આવેલ છે. જેનાથી ૧૨ વોલ્ટ બેટરી ચાર્જ કરી શકાય છે, નજીવા ખર્ચમાં શરીરને વ્યાયામ મળે છે, વ્યાયામ માટે થતો વીજખર્ચ બચાવી શકાય છે, વ્યાયામ દ્વારા ઉત્પન્ન થયેલી ઊર્જાનો વ્યય થતો નથી, જેનો બેટરીમાં સંગ્રહ કરી શકાય છે. ડી.સી. ૧૨ વોલ્ટ પર ચાલતાં બધાં જ સાધનો ચલાવી શકાય છે. એક કલાક સાઈક્લિંગ કરવાથી ૩૫૦થી ૬૦૦ કેલરી વપરાય છે. વળી પગના સ્નાયુઓ મજબૂત બને અને પેટની ચરબી ઓગળી જાય એ વધારામાં. આ સાધનની અંદાજિત કિંમત રૂ. ૧૦,૦૦૦/- છે. જેમાં રૂ. ૪૦૦૦/- સાઈકલના, રૂ. ૨૪૦૦/- બેટરીના, રૂ. ૧૫૦૦/- ડાયનેમો, રૂ. ૧૬૦૦/- કંટ્રોલર તથા લાઈટ, રૂ. ૫૦૦/- ફિટિંગ ચાર્જ તથા હાર્ડવેરના થાય છે.




## પેડલ પાવર પાણીનો પંપ

પાણી માટે વીજળીની અનિવાર્યતા એ ગ્રામીણ વિસ્તારોની મોટામાં મોટી સમસ્યા છે.



પાણી હોય પણ વીજળી ન હોય તેવા સંજોગોમાં સંપૂર્ણ સ્વાવલંબન આપતું આ અનોખું સાધન એટલે સાઈકલથી ચાલતો પેડલ પાવર પાણીનો પંપ. માત્ર પેડલ મારીને પાણીનો પંપ ચલાવી શકાય છે. ૧૨૦૦ RPMવાળો પાણીનો પંપ લગાવી અંડરગ્રાઉન્ડ (૧૦ ફૂટ નીચેથી) ટાંકીમાંથી ૨૦ ફૂટ ઉપરનાં લેવલે પાણી ચડાવી આપે છે, વળી મોટર ન હોવાથી બળી જવાનો ભય રહેતો નથી, વ્યાયામની સાથે વીજ ઊર્જા પણ બચે છે અને વીજળીની જરૂર રહેતી નથી. ઉપરાંત, પંપની જગ્યાએ સ્પ્રેપંપ મૂકીને પ્રેસરથી પાણી મેળવી શકાય છે જેનાથી બગીચામાં પાણીનો છંટકાવ કરી શકાય છે. આ ઉપરાંત જંતુનાશક દવાઓનો સ્પ્રેથી છંટકાવ કરી શકાય છે. જો એક કલાક સાઈક્લિંગ કરવામાં આવે તો ૩૫૦થી ૬૦૦ કેલરી વપરાય છે. આ સાધનની અંદાજિત કિંમત રૂ. ૭૦૦૦/- છે; જેમાં રૂ. ૪૦૦૦/- સાઈકલના, રૂ. ૨૫૦૦/- પમ્પ, રૂ. ૫૦૦/- ફિટિંગ ચાર્જ તથા હાર્ડવેરના થાય છે.

## જલશુદ્ધિ ઉપકરણ (ડિસ્ટીલેશન)

આજે દરેક ઘરમાં પાણીને શુદ્ધ કરનારાં સાધનો અનિવાર્ય બની ગયાં છે અને વીજળીનો ઉપયોગ કરીને પાણી શુદ્ધ કરનારાં આ સાધનો આ પ્રક્રિયા દરમિયાન ત્રણગણું પાણી ગટરમાં વહાવી દે છે. એવે સમયે પાણીનો બચાવ કરે તેવું આ એક અનોખું સાધન છે. આ સાધનમાં પાણી સૂર્યની ઊર્જાથી ગરમ થઈ તેની વરાળ બને છે. આ બાષ્પ કાચની સપાટી પર ઠરી જઈ એકત્ર થાય છે. તમામ પ્રકારની અશુદ્ધિ રહિત તેમ જ ક્ષાર રહિત પાણી મળે છે, વળી આ પાણીનો ઉપયોગ પ્રયોગશાળા, ફાર્મસીમાં, બેટરીમાં થઈ શકે છે. આ રીતે મેળવેલ અતિ શુદ્ધ થયેલ પાણી (ટીડીએસ ૦થી ૫૦ પીપીએમ) સાદા પાણીમાં મેળવીને પીવાલાયક પાણી પ્રાપ્ત થઈ શકે છે. જે સ્થળે પીવાલાયક પાણી મળતું નથી અને આરોગ્યને હાનિકારક તત્ત્વો જેવાં કે ફ્લોરાઇડ, અધિક ક્ષારયુક્ત પાણી વગેરે હોય ત્યાં આ બિનખર્ચાળ પદ્ધતિથી પ્રાપ્ત કરેલ પાણી ખૂબ ઉપયોગી થઈ શકે છે. આ સાધન દ્વારા દરરોજ ૩ લિટર શુદ્ધ



પાણી પ્રાપ્ત થઈ શકે છે. ખાસ કરીને ખારાપટ વિસ્તારોમાં વસતા લોકો માટે કુદરતી રીતે પાણી શુદ્ધ કરીને પીવાલાયક પાણી બનાવવા માટે આનાથી બીજો કોઈ સરળ ઉપાય જણાતો નથી. આ સાધનની અંદાજિત કિંમત રૂ. ૫,૫૦૦/- છે.

### સૂર્યકૂકર

તડકામાં શેકાઈ ગઈ, દાઝી ગઈ જેવા શબ્દપ્રયોગો આપણે ત્યાં છૂટથી થાય છે. તડકામાં રોટલા પણ શેકી શકાય અને બટાકા પણ બાફી શકાય અને તડકામાં બધી રસોઈ પણ કરી શકાય. સૂર્યકૂકર આવી જ એક વિશેષ શોધ છે. જે સૂર્યની ઊર્જાનો સંચય કરી રસોઈ તૈયાર કરી આપે છે. તેમાં બાફીને કે શેકીને થતી બધી જ વાનગીઓ તૈયાર થાય છે. પાંચ-સાત વ્યક્તિના કુટુંબ માટેની રસોઈ સહેલાઈથી બનાવી શકાય છે. રસોઈ તૈયાર થવામાં દોઢથી અઢી કલાક જેટલો સમય લાગે છે. વળી કૂકરમાં રસોઈની સામગ્રી મૂકી દીધા પછી દેખરેખ રાખવી પડતી નથી. ઊભરાઈ જવાની કે દાઝી જવાની કોઈ જ શક્યતા નથી ઉપરાંત રસોઈ સાત્ત્વિક અને સ્વાદિષ્ટ બને છે અને પોષક તત્ત્વો જળવાઈ રહે છે. ગેસ, કેરોસીન કે લાકડું જેવાં બળતણની બચત થાય છે. તેની અંદાજિત કિંમત રૂ. ૧૩૫૦/- છે.



### સૂર્જા અંબર

સૂર્ય ઊર્જાથી ઉત્પન્ન થતી વીજળીનું યાંત્રિક શક્તિમાં રૂપાંતર કરીને આ ચરખો ચલાવવામાં આવતો હોવાથી તેને સૂર્જા અંબર કહેવામાં આવે છે. સોલર પેનલ દ્વારા સૂર્ય ઊર્જાને વિદ્યુત ઊર્જામાં રૂપાંતર કરી બેટરીમાં તેનો સંગ્રહ કરી જરૂર મુજબ તેને વાપરી શકાય છે. સૂર્જા અંબરમાં બે ત્રાકના અંબર ચરખાને જોડવામાં આવે છે. આમાં ૩૭ વોટની સૌર પેનલનો ઉપયોગ કરવામાં આવે છે. 12 V/40 AHની બેટરી વાપરવામાં આવે છે. ખાસ તો એ કે રોજ એક કલાક ચલાવવાથી ૧૦૦૦ તારની એક આંટી બને છે. એક માસ (૩૦ દિવસ) ચલાવવાથી ૩૦ આંટી બને. ૩૦ આંટીમાંથી ૬ મીટર કાપડ (૩૬ પનાનું) તૈયાર થાય છે. ૬ મીટર કાપડમાં એક જોડી લેંઘો / ઝભ્ભો તૈયાર થાય છે, એટલે કે રોજ એક કલાક ચલાવવાથી મહિનામાં એક જોડી કપડા તૈયાર થઈ શકે છે



આ અનોખા સાધનની અંદાજિત કિંમત રૂ. ૧૬,૭૦૦/- છે ; જેમાં રૂ. ૧૨,૫૦૦/- સોલર પેનલ તથા બેટરી, રૂ. ૧૫૦૦/- મોટર, રૂ. ૨૫૦૦/- બે ત્રાકનો અંબર ચરખો, રૂ. ૨૦૦/- ફિટિંગ ચાર્જ તથા હાર્ડવેરનો સમાવેશ થાય છે.

### સૂર્ય ફાનસ

વીજળીના અભાવે જ્યાં શિક્ષણ, આરોગ્ય સુવિધા કે માર્ગ સલામતીનો પ્રશ્ન આવે તો તેનો એક માત્ર સોંઘો અને સરળ ઉકેલ સૂર્ય ફાનસ છે. આ સાધનમાં ઈલેક્ટ્રોનિક ફોટોવોલ્ટિક સેલ દ્વારા સૂર્યપ્રકાશ વડે વીજશક્તિ પેદા થાય છે અને આ વીજશક્તિનો બેટરીમાં સંગ્રહ કરવામાં આવે છે. આમ દિવસ દરમિયાન સંગ્રહિત વીજશક્તિ રાત્રિ દરમિયાન વપરાશમાં લેવાય છે. સૂર્યશક્તિથી ચાલતાં ઉપકરણો પ્રદૂષણ ફેલાવતા નથી. વીજદરનો વધારો તેને લાગુ પડતો જ નથી. સીએફએલ લેમ્પ અને બ્રાઇટ એલઈડી જો લગાડવામાં આવે તો ફાનસ લાંબો સમય ચાલે છે. એક વાર સંપૂર્ણ ચાર્જ થઈ ગયા બાદ ૪ થી ૫ કલાક ચલાવી શકાય છે. તેની અંદાજિત કિંમત રૂ. ૧૫૦૦/- થી ૩૫૦૦ છે અને તે વિવિધ મોડલમાં મળે છે.



### સૂર્યકૂકર (પેરાબોલિક ડિશ)

વધારે લોકો માટે રોજે રોજ રસોઈ બનાવવાની હોય ત્યાં ઊર્જા વેડફાય નહીં તે જોવું જરૂરી છે. આવે સમયે પેરાબોલિક ડિશ એક ઉપયોગી સાધન સાબિત થાય છે. બિલોરી કાચની માફક સૂર્યની ઊર્જા કેન્દ્રિત થાય છે અને એક બિંદુ ઉપર તાપમાન વધે છે. તાપમાન ૧૫૦ ડિગ્રી સે. સુધી વધી શકે છે. આ સાધનમાં થતી



રસોઈમાં બાફીને અને શેકીને તૈયાર કરવામાં આવતી બધી જ વાનગીઓ થઈ શકે છે, તળીને બનાવવામાં આવતી રસોઈ પણ થઈ શકે છે. મોટા કુટુંબની રસોઈ બનાવી શકાય છે. બધી રસોઈ તૈયાર થવામાં અર્ધા કલાક જેટલો સમય લાગે છે. કૂકરમાં રસોઈની સામગ્રી મૂકી દીધાં પછી દેખરેખ રાખવી પડતી નથી અને સૌથી મોટો ફાયદો એ છે કે ઊભરાઈ જવાની કે દાઝી જવાની કોઈ જ શક્યતા નથી. ખાસ તો સૂર્યના પ્રકાશની દિશામાં કૂકરને ગોઠવતાં રહેવું જરૂરી છે. આ કૂકરની અંદાજિત કિંમત રૂ. ૫૫૦૦/- છે.

### સૂર્ય ડ્રાયર (સુકવણી યંત્ર)

- આ સાધનમાં સૂર્યનાં કિરણોથી તાપમાન ૬૦ ડિગ્રી જેટલું થાય છે. જે પણ પદાર્થ તેમાં સુકવવા માટે મૂકવામાં આવે તેમાંથી ભેજ છૂટો કરીને સુકવી શકાય છે. સાધનની અંદરની હવા ગરમ થઈ ભેજ સાથે ઉપરના ભાગમાંથી બહાર નીકળી જાય છે અને સાધનની નીચેના ભાગમાંથી બહારની હવા દાખલ થાય છે. શાકભાજી, ફળ, પાંદડાં, અનાજ, રસાયણો, ઔષધો વગેરે ખૂબ ઝડપથી અને ચોકસાઈથી કોઈ પણ અન્ય પ્રકારની ઊર્જા વગર સુકવી શકાય છે. આ સાધન પેટી જેવું બનાવેલું છે. સુકવણી માટેના પદાર્થ ટ્રેમાં રાખી શકાય છે તેથી શુદ્ધતા જળવાઈ રહે છે. તેમાં પદાર્થના કુદરતી રંગ અને ગુણ જળવાઈ રહે છે. અંદાજે ૧૦ કિલો પદાર્થ એક દિવસમાં સુકવી શકાય છે. આ સાધનની અંદાજિત કિંમત રૂ. ૫૫૦૦/- છે.



### પેડલ પાવર સંગીત ઉપકરણ

આપણે ઘણી વાર જોઈએ છીએ કે લોકો જિમ્નેશિયમમાં કસરત કરતી વખતે કાનમાં સ્પીકર ભરાવીને સંગીત સાંભળે છે. આ વાતને કંઈક આ રીતે જોઈએ તો, માનવશક્તિનું વિદ્યુતશક્તિમાં રૂપાંતર કરી સંગ્રહાયેલી શક્તિનો જરૂર મુજબ રોજિંદા જીવનમાં વપરાતા વિદ્યુત ઉપકરણોમાં જોડીને વ્યવહારુ ઉપયોગ થઈ શકે છે. પેડલ પાવર સંગીત ઉપકરણમાં બેટરી દ્વારા સંગીત ઉપકરણને ચલાવવામાં આવે છે. પેડલ પાવરમાં ડી.સી. જનરેટર લગાવવામાં આવેલ છે. જેનાથી ૧૨ વોલ્ટ બેટરી ચાર્જ કરી શકાય છે. નજીવા ખર્ચમાં શરીરને વ્યાયામ મળી શકે છે. વ્યાયામ માટે થતો વીજખર્ચ બચાવી શકાય છે. વ્યાયામ દ્વારા ઉત્પન્ન થયેલી ઊર્જાનો વ્યય થતો નથી. તેનો બેટરીમાં સંગ્રહ કરી શકાય છે. ડી.સી. ૧૨ વોલ્ટેજ પર ચાલતાં બધાં જ સાધનો ચલાવી શકાય છે, તેની અંદાજિત કિંમત રૂ. ૯,૨૦૦/- છે; જેમાં રૂ. ૪૦૦૦/- સાઇકલના, રૂ. ૨૪૦૦/- બેટરીના, રૂ. ૧૫૦૦/- ડાયનેમો, રૂ. ૮૦૦/- કંટ્રોલર, રૂ. ૫૦૦/- ફિટિંગ ચાર્જ તથા હાર્ડવેરના છે.




### પેડલ પાવર કોમ્પ્રેસર

સાઇકલના પેડલ મારી કોમ્પ્રેસર દ્વારા વાહનમાં હવા ભરી શકાય છે. પેડલ મારવાથી હવા ભરવા સાથે વ્યાયામ પણ મળી રહે છે. કોમ્પ્રેસર ચલાવવા વિદ્યુતશક્તિની જરૂરિયાત રહેતી નથી. વીજશક્તિની બચત થાય છે. કોમ્પ્રેસરનો અન્ય ઉપયોગ પણ શક્ય છે. આ સાધનની અંદાજિત કિંમત રૂ. ૭૦૦૦/- છે; જેમાં રૂ. ૪૦૦૦/- સાઇકલના, રૂ. ૨૫૦૦/- પંપના, રૂ. ૫૦૦/- ફિટિંગ ચાર્જ તથા હાર્ડવેરના છે.



## આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ

ગૂજરાત વિદ્યાપીઠનાં માનવ સંસાધન વિકાસ અને વ્યવસ્થાપનના બીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી નરેન્દ્રસિંહ ગોહિલે આકાશવાણી, અમદાવાદ ખાતે એક કાર્યક્રમ આપ્યો હતો. યુવવાણી અંતર્ગત 'ગોલ્ડન કેરિયર્સ' નામે ૧૧ મિનિટનો કાર્યક્રમ આપ્યો હતો જે ૧૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ સાંજે ૬-૩૦ કલાકે પ્રસારિત થયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્યત્વે ગૂજરાત વિદ્યાપીઠ વિશે વાત કરવામાં આવી હતી. જેમાં ગૂજરાત વિદ્યાપીઠ અન્ય યુનિવર્સિટીઓ કરતા કઈ રીતે જુદી પડે છે અને તેની વિશેષતાઓ શું છે એના પર વાત કરવામાં આવી હતી. જેમ કે -

- ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીના

શુભ હસ્તે કરવામાં આવી હતી.

- ગાંધીવિચાર પર અભ્યાસ કરવા માટે વિદેશથી વિદ્યાર્થીઓ આવે છે.

- દરેક અભ્યાસક્રમમાં પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવે છે. જેમાં ગાંધીવિચારનું પેપર મુખ્ય લેવામાં આવે છે.

- અભ્યાસ કરનાર દરેક વિદ્યાર્થીએ છાત્રાલયમાં ફરજિયાત નિવાસ કરવો પડે છે.

- હિંદી, અંગ્રેજી, પંજાબી, મરાઠી, ઉર્દૂ, મલયાલમ, કન્નડ, તમિલ, તેલુગુ, સિંધી, સંસ્કૃત, બંગાળી, જર્મન, ફ્રેંચ, રશિયન જેવી ભાષાઓ અહીં શીખવવામાં આવે છે તેમજ જિમ્નેશિયમ અને સ્વિમિંગના ક્લાસ પણ અહીં ચાલે છે.

- સાડાપાંચ લાખથી વધારે પુસ્તકો ધરાવતું વિશાળ પુસ્તકાલય પણ આવેલું છે. જેમાં ૫૦થી વધારે માસિક, દ્વિમાસિક મેગેઝીનો અને ૩૦થી વધારે દૈનિક સમાચારપત્રો આવે છે.

- જે અન્ય યુનિવર્સિટી કરતા ગૂજરાત વિદ્યાપીઠને અલગ પાડે છે તે વિશેષતા એટલે અહીં દરરોજ રેંટિયો કાંતવામાં આવે છે. શુદ્ધ ખાદીનાં જ વસ્ત્રો પહેરવાનો આગ્રહ, સાદાઈ અને સ્વાવલંબનના પાઠ અહીં ભણાવાય છે તેમજ ઉદ્યોગ શિક્ષણને પણ મહત્ત્વ આપવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને ઇલેક્ટ્રિકનું કામ, ફાઈલો બનાવવી, અંબર ચરખા ચલાવવા, સાબુ, મીણબત્તી, સાવરણા-સાવરણીઓ બનાવતા શીખવવામાં આવે છે અને સાથે વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને કમ્પ્યૂટરનું જ્ઞાન પણ આપવામાં આવે છે. કાર્યક્રમની રજૂઆત ભાવવાહી શૈલીમાં સરસ રીતે કરવામાં આવી હતી.

## એપ્રોપ્રિએટ ટેક્નોલોજી સેન્ટર

### મધ્યસ્થ જેલ અમદાવાદની બહેનો માટેના ભરતકામના વર્ગો

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત એપ્રોપ્રિએટ ટેક્નૉલોજી સેન્ટર, શાહીબાગ દ્વારા બહેનો સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી બહેનો માટે ટૂંકાગાળાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. આ અભ્યાસક્રમો અંતર્ગત તા. ૧-૮-૧૧થી તા. ૩૦-૮-૧૧ સુધી સાબરમતી મધ્યસ્થ જેલની બંદીવાન બહેનો માટેના વર્ગો ચલાવવામાં આવ્યા હતા.



જેલની બહેનોએ શીખેલ ભરતકામના ટાંકાનો નમૂનો

જેલની બહારથી જનાર વ્યક્તિ પ્રત્યે તેઓ ખૂબ લાગણીશીલ વર્તન કરતા અને પોતાની અંગત વાતો કે મુશ્કેલીઓ બહારની વ્યક્તિ સાથે વહેંચવાથી તેમને ખૂબ સારું લાગતું હતું. વર્ગો અનઔપચારિક હોવા છતાં અભ્યાસક્રમ ખૂબ ઔપચારિકતાપૂર્વક ચાલ્યો. ૧૫માંથી ૧૦ બહેનો સફળતાપૂર્વક તાલીમ પૂરી કરી શકી.'' સફળ તાલીમ પૂર્ણ કરનાર બહેનોને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.

## ગૂજરાત વિદ્યાપીઠ, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગો

ગૂજરાત વિદ્યાપીઠ બુનિયાદી શિક્ષણને વરેલી સંસ્થા છે. તેની કેળવણીનો મુખ્ય આધાર ઉદ્યોગ. ઉદ્યોગ બુનિયાદી શિક્ષણમાં કેન્દ્ર સ્થાને છે. ઉદ્યોગ દ્વારા વ્યક્તિ મેળવેલ જ્ઞાનનો ઉપયોગ સ્વનિર્ભર કે આત્મનિર્ભર થવામાં કરે છે. એ રીતે સમાજસેવા પણ થાય છે.

ગાંધીજીના મતે કેળવણી બાળકના શરીર, મન અને આત્મામાં છૂપાયેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવી શકે છે. બીજું કેળવણી એ બાળકને જીવન જીવવાની કળા પણ શીખવે છે, જેમાં ઔદ્યોગિક કૌશલ્યની પ્રાપ્તિ, વિચારોની પુખ્તતા અને સદ્‌ગુણોનું ભાથું હોય છે.

બાળક જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં શાળાકીય કે કૉલેજજીવન દરમિયાન ઉદ્યોગો શીખે છે, ત્યારે તે શિક્ષણ દ્વારા શ્રમના મૂલ્યને સમજી આર્થિક ઉપાર્જન કરી શકે છે. નાણાંનું અને સમયનું મૂલ્ય સમજી શકે છે. શ્રમ કે કાર્ય પ્રત્યેની સૂગ હોય તો તે દૂર થાય છે અને એક સંપૂર્ણ સ્વનિર્ભર વ્યક્તિત્વને નિખાર આપી શકાય છે.

કુલસચિવશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી ઉદ્યોગ અંગે વિસ્તારથી સમજાવતા કહે છે કે, ''નઈ તાલીમની શિક્ષણ પદ્ધતિ અંગેની જે વાત ગાંધીજીએ કરી છે તેમાં માત્ર વર્ગખંડોમાં શિક્ષણ થાય એ તેમને માન્ય નથી અને જો એ પ્રકારનું શિક્ષણ થાય તો તેમાં આપણે અનુબંધ જોડી શકતા નથી. આથી જ ગાંધીજીના નઈ તાલીમના મૂળમાં ઉદ્યોગ હતો. ઉદ્યોગ એટલા માટે કે, સમાજમાં શ્રમનું મહત્ત્વ આપણે થોડું નીચું ગણીએ છીએ અથવા તો શ્રમજીવી કે શ્રમ કરનારને આપણે માન આપતા નથી. ગાંધીજીએ ઉદ્યોગને બે રીતે લીધેલો: (૧) ગરીબી હટાવવા માટે અને (૨) સ્વાવલંબી બનવા માટે.

૧. ગરીબી હટાવવી હોય તો દરેકના હાથમાં કામ હોવું જોઈએ અને દરેક હાથ પાસે કામ એટલે એમને જે આવડતું હોય એમાં તે નિપુણતાથી કામ કરી શકે તે. આપણે અત્યારે એવું કરી દીધું છે કે જે ભણે, એ કામ ન કરે. ગાંધીજીને આજથી વર્ષો પહેલાં ખ્યાલ આવ્યો હતો કે આપણી જે કામ નહીં કરવાની વૃત્તિ વધતી જાય છે એને માટે એમણે એ દિવસોમાં ઉદ્યોગને શિક્ષણમાં સ્થાન આપેલું. ગાંધીજીની વાત સ્વાવલંબનની વાત હતી. જેમકે તમે સાબુ વાપરો છો તો તે તમે બનાવો અને વાપરો તો તમારી જરૂરિયાત તમે સંતોષી શકો છો. આવી રીતે બધા જ ઉદ્યોગો સ્વાવલંબનની દિશાના હોય એ જરૂરી છે. સ્વાવલંબન એ પછી ગામનું

સ્વાવલંબન હોઈ શકે કે તાલુકાનું સ્વાવલંબન હોઈ શકે. ઘણા એવા ઉદ્યોગો છે જે ગ્રામ કક્ષાએ કામમાં ન આવે પણ મૂળ ઉદ્યોગનો હેતુ છે તે સ્વાવલંબનની દૃષ્ટિથી ખીલવવો જોઈએ. બીજું આપણે ઈલેક્ટ્રોનિક્સનો ઉદ્યોગ ચલાવીએ છીએ. ઈલેક્ટ્રોનિક્સની એટલી બધી વસ્તુઓ આપણે વાપરતા થયા છીએ તો એની મરામતનું કામ તમે જાતે કરી શકો તેવું થવું જોઈએ. ઈલેક્ટ્રોનિક્સમાં પણ તમે જુઓ છો તેમ આપણે સોલર ઊર્જા પર કામ કરી રહ્યા છીએ. સૂર્યશક્તિ દ્વારા ચાલતા LED લેમ્પ કેમ બને એ કામ થઈ રહ્યું છે. સ્વાવલંબન પછી પ્રદૂષણ હટાવવાની વાત આવે. તેથી જ આપણા ઉદ્યોગો છે જે માત્ર ઉદ્યોગો નથી પણ વિદ્યાર્થીઓના જીવનમાં અલગ પ્રકારની છાપ ઊભી કરે છે, અલગ રીતે ઘડતર કરે છે.''

આ કાર્યમાં ધીમે ધીમે બદલાતી જતી માંગ અને ટેક્નૉલોજીના આધારે પરિવર્તન કરવામાં આવ્યું છે. હાલમાં જે નવા ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા છે તેમાં કુદરતી સંસાધનોનો ઉપયોગ વધે અને વિદ્યાર્થી તેની જાળવણી અંગે સભાન બને એ પણ છે. હાલમાં જે ઉદ્યોગો ઉપરોક્ત વિચારોને ધ્યાનમાં રાખીને શરૂ કરાયા છે તે આ મુજબ છે.

**૧. કાગળકામ :** આ ઉદ્યોગમાં ખાદી કાગળમાંથી વિવિધ ઉત્પાદનો બનાવવામાં આવે છે. જેમ કે ક્લીપ ફાઈલ, ફોલ્ડર, ડસ્ટબિન, પેન સ્ટેન્ડ, લેટર બોક્સ, દિવાળી કાર્ડ, પેપર બેગ, પેપર પર્સ, પેપર ટેગ, પેપર કવર, ગૃહસજાવટની વિવિધ વસ્તુઓ, જ્યૂટ ફાઈલ, જ્યૂટ કાપડ ટેબલ ક્લોથ, જ્યૂટ કાપડનો બટવો, રાખડી મેકિંગ વગેરે વિદ્યાર્થીઓ પોતે બનાવેલી વસ્તુઓ પ્રેમથી અને ગર્વભેર વાપરે છે અને કુટુંબીજનોને ભેટમાં આપે છે.



**૨. રીન્યુએબલ એનર્જી (ઊર્જાનું પુનઃજીવંતીકરણ) :**

**એલ.ઈ.ડી. એટલે શું ?**

એલ.ઈ.ડી. એક એવા પ્રકારનો બલ્બ છે, જેની જિંદગી ૫૦,૦૦૦ કલાક છે તથા તેનું પાવર કન્ઝમ્પ્સન પણ ખૂબ ઓછું છે અને અમુક પ્રકારના એલ.ઈ.ડી. બિલકુલ ગરમ પણ નથી થતાં તથા દરેક કલરમાં પણ ઉપલબ્ધ છે.

એલ.ઈ.ડી. પ્રોડક્ટસમાં નાઈટ લેમ્પ, ફોકસ લેમ્પ, બેટરી (ટોર્ચ), ટેબલ લેમ્પ, ડેકોરેટિવ લેમ્પ વિવિધ રંગીન લેમ્પ દ્વારા, ટ્યુબ લાઈટ વગેરે બનાવવામાં આવે છે.



મનુષ્યની ઊર્જાનો સીધો ઉપયોગ કરીને સાઈકલ મારફતે પેડલ પાવર દ્વારા વોશિંગ મશીન, મિક્ષચર, બેટરી ચાર્જર વગેરે ચલાવવાનું તથા બનાવવાનું શીખવવામાં આવે છે. ઉદ્યોગો એ બુનિયાદી શિક્ષણનું પાયાનું એકમ છે જે આપણે અગાઉ જોઈ ગયા. આ કેળવણી એ માત્ર જ્ઞાનઉપાર્જન કે આર્થિક ઉપાર્જન માટેનું એક લક્ષ્ય કે સાધન નથી પરંતુ તેના દ્વારા વ્યક્તિએ શીખેલ કૌશલ્યો દ્વારા જે તે વ્યક્તિ પોતાનો, કુટુંબો, સમાજનો કે રાષ્ટ્રનો સર્વાંગીણ વિકાસ સાધવામાં પોતાનું યોગદાન આપી શકે એ હાર્દ છૂપાયેલું છે.



આ ઉપરાંત આ કાર્યશાળામાં આવતા વિદ્યાર્થીઓ સ્પ્રેકલર, કલરકામ, થોડું ઘણું સુથારીકામ કરે છે.

આ સાથે જ પોતાની રોજિંદી જરૂરિયાતનાં સાધનો પણ બનાવતા શીખે છે.



વાંસની બનાવટની અનેક વસ્તુઓ આપણે રોજિંદા જીવનમાં વાપરીએ છીએ. જેમ કે ચટાઈ, સાદડી, પુસ્તકોનું સ્ટેન્ડ વગેરે.

અમારા ઉદ્યોગનાં કાર્યોમાં વાંસકામ દરમિયાન ચંપલ સ્ટેન્ડ, બુક સ્ટેન્ડ, ઢાળિયા, ચાવી મૂકવાના સ્ટેન્ડ, સાધનો મૂકવાના સ્ટેન્ડ બનાવવામાં આવે છે.

**૩. કાંતણ :** ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણના ભાગરૂપે થતી પ્રવૃત્તિને ગાંધીજીએ 'યજ્ઞાર્થે કાંતણ' કહીને તેનું બ્રહ્મ સાથે અનુસંધાન કરી આપ્યું છે. સંતાપ, વ્યક્તિગત દુરાગ્રહ અને



સંકુચિતતાની આહુતિ આપીને નવી ઊર્જા, નવા વિચારો અને નવાં કાર્યોનો ઉદ્‌ભવ થાય તે જ કાંતણયજ્ઞનો ખરો હેતુ છે.

**૪. ખેતીકામ :** અહીં વિદ્યાર્થીઓ પોતાના નક્કી કરેલ સમયમાં છાત્રાલયની આસપાસની જમીન ઉપર તેમજ છાત્રાલયના ધાબા ઉપર શાકભાજી ઉગાડે છે. સજીવ ખેતી માટેનો સફળ પ્રયત્ન કરે છે. અહીં વિવિધ શાકભાજીઓ ઉગાડવામાં આવે છે. જેમ કે પાલક, મેથી, દૂધી, કોથમીર. આ તમામ શાકભાજીનો ઉપયોગ વિદ્યાર્થીઓના રસોડામાં કરવામાં આવે છે.

**૫. પેડલ પાવર :** અહીં વિદ્યાર્થીઓની પોતાની ઊર્જાનો ઉપયોગ શીખવવામાં આવે છે. જે માટે છાત્રાલયોમાં કુલ ૮ સાઈકલો મૂકવામાં આવી છે. આનો ઉપયોગ, જાળવણી અને મરમ્મત વિદ્યાર્થીઓ પોતે કરે છે. વિદ્યાર્થીઓ દ્વારા ઉત્પન્ન થયેલ ઊર્જા રાત્રિ દરમિયાન લોબી લાઈટિંગમાં વપરાય છે. આમ માનવીય ઊર્જાનું યાંત્રિક ઊર્જામાં અને અંતે પ્રકાશ ઊર્જામાં રૂપાંતરણ થાય છે.



**૬. હાઉસ વાયરિંગ :** વિદ્યાર્થીઓને ઘરનું ઇલેક્ટ્રિક વાયરનું કામ, વીજળીકીય ઉપકરણો દુરસ્ત કરવાનું કામ શીખવવામાં આવે છે.

**૭. ફોટોગ્રાફી :** આ કાર્યશાળામાં વિદ્યાર્થીઓને વિવિધ કેમેરાના ઉપયોગ દ્વારા ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી શીખવવામાં આવે છે. કેમેરાના વિવિધ ભાગોની સમજ આપવામાં આવે છે.

**ઉદ્યોગો**

**સંકલન, સંચાલન અને સ્થળ અંગે માહિતી**

| ક્રમ | ઉદ્યોગનું નામ | સ્થળ | ઉદ્યોગ શિક્ષક (તાલીમ આપનાર) |
|---|---|---|---|
| ૧. | રીન્યુએબલ એનર્જી | ઉદ્યોગ મેદાન (ભવન) | હિરેનભાઈ |
| ૨. | પેડલ પાવર | અનુસ્નાતક છાત્રાલય | હિરેનભાઈ |
| ૩. | કાંતણ | સ્વાધ્યાય ગૃહ | ભુપતભાઈ સરવૈયા |
| ૪. | સાબુ, મીણબત્તી, ડિટર્જન્ટ પાઉડર | સ્વાધ્યાય ગૃહ | |
| ૫. | કાગળનું કામ | ઉદ્યોગ મેદાન (ભવન) | સંજુક્તાબહેન |
| ૬. | હાઉસ વાયરિંગ | ઉદ્યોગ મેદાન (ભવન) | જિગરભાઈ |
| ૭. | ખેતીવાડી | અનુસ્નાતક છાત્રાલય | સરતાનભાઈ |
| ૮. | ફોટોગ્રાફી | દૃશ્ય-શ્રાવ્ય વિભાગ | આલાપભાઈ |

ઉપરોક્ત ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત વસ્તુઓ ઉદ્યોગના સ્થળે ઉપલબ્ધ થઈ શકે છે.

**વાચકો સમક્ષ ખેદ વ્યક્ત કરીએ છીએ**

આ 'સેતુ' અંકમાં ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પરિસરના ઊર્જા તથા ઉદ્યોગ સંદર્ભે થતી પ્રવૃત્તિઓનો અહેવાલ અપાયો છે અને ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણ ગ્રામસેવા કેન્દ્ર, સાદરા અને રાંધેજાના નાવીન્યપૂર્ણ ઉદ્યોગ કાર્યક્રમો તેમજ અન્ય ગ્રામસેવા કેન્દ્રોમાં પણ સ્વાવલંબનની દિશાના ઉદ્યોગ કાર્યક્રમો ગોઠવાયા. તેનો અહેવાલ સ્થળસંકોચના કારણે આ અંકમાં સમાવી શક્યા નથી તેનો વાચકો સમક્ષ ખેદ વ્યક્ત કરીએ છીએ. આવતા અંકમાં આ અહેવાલ આપીશું.

**રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ**

# ઈન્ટરનેશનલ કોર્સ ઓન ગાંધીયન નોન-વાયોલન્સ : થીયરી એન્ડ એપ્લિકેશન



તા. ૧૬-૯-૨૦૧૧ના રોજ અમદાવાદ પરિસરમાં મધ્યસ્થ સભાખંડમાં વિદેશી વિદ્યાર્થીઓ માટેના ઈન્ટરનેશનલ કોર્સ ઑન ગાંધીયન નોન-વાયોલન્સ થીયરી ઍન્ડ એપ્લિકેશનની વિધિવત જાહેરાત થઈ. વિભાગના અધ્યાપક પ્રેમાનંદભાઈ મિશ્રાએ અભ્યાસક્રમમાં ભાગ લેવા આવનાર ૬ વિદ્યાર્થીઓનો પરિચય કરાવ્યો હતો.

કુલનાયકશ્રી સુદર્શન આયંગારે કોર્સની વિગતો, હેતુ અને અભ્યાસના વિષયો અંગે ચર્ચા કરી હતી. વરિષ્ઠ ગાંધીસેવક 'દશરથકાકા'નો જન્મદિવસ પણ શાબ્દિક રીતે ઊજવાયો. ચાર મહિનાના પ્રમાણપત્ર અભ્યાસક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે કુલપતિશ્રી નારાયણભાઈ દેસાઈએ 'અહિંસા' નોન-વાયોલન્સ શબ્દને શાબ્દિક, તાર્કિક અને ભાવનાત્મક સ્વરૂપોમાં સમજાવ્યો હતો અને આવા વિશિષ્ટ અભ્યાસક્રમની સફળતા માટે આશીર્વાદ આપ્યા હતા. વિભાગના અધ્યક્ષ ડૉ. પુષ્પાબહેન મોતીયાનીએ સૌનો આભાર માન્યો હતો.

## An International Course on
## Gandhian Nonviolence : Theory and Application at Gujarat Vidyapith

On 16 Sept. 2011 Chancellor Shri Narayan Desai inaugurated the said course at the Central Hall of Gujarat Vidyapith.



As the title suggests, the overall purpose of the course is to give its seekers orientation in the theoretical and practical dimensions of Nonviolence as explained and applied by Mahatma Gandhi in his personal and public life.

We know that the contemporary world is in turmoil. The chief characteristic of the contemporary world is violence; escalating and intensifying violence has become the key defining feature in public life and discourse. The more pertinent question, of course, is how we address and get out of the vicious circle of violence. It is here that Gandhi steps in with his message of all-embracing nonviolence or *ahimsa*.

Peace activists are trying to understand Gandhian nonviolence in order to equip themselves better in their struggle for peace and justice. Many of them have expressed their desire to get a formal training in Gandhian nonviolence in India which would expose them not only to the life, philosophy and method of Gandhi but also to Indian social life and culture. This course Gandhian Nonviolence is a result of such an international quest for peace and harmony.

Dr. Sudarsan Ayengar Vice Chancellor of Gujarat Vidyapith welcomed and explained the course content. As per the details given the duration of the course will be one semester i.e., four months - two months for theoretical input and two for gaining practical experience. Though Gujarat Vidyapith campus will serve as the main/central venue, the students will be taken out other Gandhian Institutions and Ashrams in partial fulfillments of the course requirement.

In his blessing and good wishes Shri Narayan Desai elaborated "Ahimsa" word in logical, instrumental, emotional, verbal (denotative & connotative) and theoretical way. He wished great success to the course.

Prof. Mathai has conceptualized and designed the course. Shri Prem anand Mishra of the Department introduced foreign students to all.

Dr. Pushpa Motiyani Head of the Department conveyed vote of the thanks.

'વિદ્યાપીઠ-સેતુ'નું સંપાદકીય સરનામું : સંપાદક : પુનિતા હર્ણે, 'વિદ્યાપીઠ-સેતુ' કાર્યાલય, પત્રકારત્વ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ.
પ્રકાશક : રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમમાર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૧૪.